₹ 20.00

# Welcare TODAY

LIVE RIGHT, LIVE HEALTHY

A Patient Education Initiative by 'Arthritis Foundation'

## COMPLETING TWO YEARS

## 25th ISSUE



## Contents


Dr Mody Teaches Joint Replacement at ISHKS.......2

Measuring Bone Mineral Density: X Ray or USG ? 2

The Seeds Were Sown 2 Years Back! ........................3

વેલકેર હોસ્પિટલ ના ડોક્ટર બન્યા શેરલોક હોમ્સ !............ ૪

આર્થોસ્કોપીક સર્જરી : ઓછી કાપકૂપ પણ ખૂબ અસરકારક ...... ૬

એ.સી.એલ. ફાટ્યું તો પણ ફરીથી ટટ્ટાર રીતે ચાલતા થયા... ... ૭

મા કાર્ડ ધારકો માટે ખુશ ખબર ............................. ૮


Issue No. 5 | Volume No. 3 | Published on 1 May 2018

# Dr Mody Teaches Joint Replacement to Indian Surgeons




The Indian Society of Hip & Knee Surgeons (ISHKS) is the apex body of the joint replacement surgeons of India. It conducts its annual conference during which the joint replacement surgeons across the country aggregate to learn and exchange ideas. The society regularly invites top international surgeons to lecture at this meeting. The Gurus of joint replacement of the country are also part of the teaching program. Dr. Mody was one of these Gurus and experts teaching more than 500 delegates who had come to attend this meeting in Ahmedabad during 13th April 2018 to 15th April 2018.




# Measuring Bone Mineral Density: X Ray or USG ?

## X-Ray also shows BMD, but the results are uncertain and when it is too late

A bone mineral density (BMD) test can provide a snapshot of your bone health. The test can identify osteoporosis, determine your risk for fractures and measure your response to treatment for osteoporosis.

The most widely recognized BMD test is called a DXA test but it is expensive and involves radiation.

Ultrasonography [USG] BMD is safe and cost effective.

### BMD with USG

Ultrasound uses sound waves to measure bone mineral density (BMD) at the heel, shin or finger. To measure BMD at the heel, you will be asked to place your bare foot in the USG BMD machine, which emits high-frequency sound waves. A computer determines the bone density by calculating how fast the sound waves pass through your heel. The machine can provide an estimate of your bone density in less than a minute.



*Put your foot and measure your BMD !*

### X-Ray BMD

Plain X-Ray tests of the spine or the hip bone were used in the past for assessing osteoporosis. However, plain X-Ray tests are not reliably accurate because the radiation exposure levels will change the BMD reports. Also, X-Rays show osteoporosis when it is too late for treatment, USG shows it earlier when it is treatable.



*Area of osteoporosis, however results can be uncertain*

# The Seeds Were Sown 2 Years Back!


## Editorial Board

**Editor**
Dr Harshida Mody

**Editorial Team**
Dr Meena Sheth
Shri Ajitbhai Kapadia
Dr Bibhas Shah





## Contact Us

Do you have any query about any medical illness? Are you in two minds about getting a medical treatment? Please email to us. Welcare Hospital's Medical Specialists will help solve your dilemma.

તબીબી સલાહ માટે અમારો સંપર્ક જરૂર કરો

શું કોઈ બીમારી માટે કઈ સારવાર લેવી તેની મુંઝવણમાં છો ? વેલકેરના નિષ્ણાત તબીબોની નિ:શુલ્ક સચોટ સલાહ માટે ઈમેલ કરશો.

communication@welcarehospital.co.in

**Welcare Hospital**
*Gujarat's Hospital for Special Surgeries*
Atladara-Vadsar Ring Road,
Atladara, Vadodara-390012
[Gujarat]
☎ - 0265 2337172
www.welcarehospital.co.in

## Appointments

Doctors' appointments at Welcare Hospital
[9:00 AM to 6:00 PM]

વેલકેર હૉસ્પિટલના ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ માટે ફોન કરો. સમય સવારે ૯:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી

☎ 9327435570
☎ 9328921614

Life in any form, whether a plant or an animal, is most vulnerable in the early phase of its existence. In fact, this is the main reason why a society's strength is measured by the Infant Mortality Rate. Going by the wisdom Welcare Today has emerged victorious! It has reached a healthy age of 2 years, and from the first baby steps it has now gathered the confidence of an acceptable cadence.

It is to our great satisfaction that this patient education publication and an outreach for a handshake with the society has been accepted with great warmth and affection by our readers. Not only does it offer succinct capsules of medical education for the general members of the society, it also chronicles the evolution of Welcare Hospital and its Team from their initial efforts to the gradual blossoming into a solid healthcare platform for the city of Vadodara and the state of Gujarat. A brief review of Welcare Today issues would show that Welcare Hospital has already been accepted as a centre of excellence by every strata of the society, and indeed, by people across the world.

We look forward to continuing our relationship with our readers in the years to come.

## MA and more

In the past two years Welcare Hospital has added many more services like...

- Mukhya Mantri Amrutam Yojana [MA Yojana] implemented for Orthopaedic Surgery. Beneficiaries get Rs 40,000 for joint replacement [details on page 8]
- ICU commissioned
- Department of Pulmonology begun
- Dialysis Services to begin soon
- Urology surgeries like kidney stone removal and prostate removal are done regularly
- Welcare Hospital was bestowed many awards for different aspects, like 'Clean Hospital' and the Best Building and so on...
- Welcare doctors are invited for CME programs
- Fellowship programs for national and international students in Orthopaedics
- Live transmission of complex surgeries worldwide for educational purposes
- *Swasthya Adhikar Divas* offers free orthopaedic consultation, free x-ray, free BMD checkup and free general medicine consultation

# વેલકેર હોસ્પિટલ ના ડોક્ટર બન્યા શેરલોક હોમ્સ !

**કમરના દુઃખાવાની સારવાર પછી પણ કઈખ ઠીક નથી એ શંકાથી ડો મોદીએ વધું તપાસ કરી તો કેન્સર નિકળ્યું...**



આવ્યાતા કમરના દુઃખાવા માટે અને પકડી પાડ્યું સ્તન કેન્સર!

શેરલોક હોમ્સ વિશે લખવાનું કારણ વેલકેર હોસ્પીટલમાં બનેલો તાજેતરનો કિસ્સો. થોડા દિવસ પહેલા વેલકેર હોસ્પીટલમાં શ્રીમતી દક્ષાબેન ઠાકર કમરના દુઃખાવાની સમસ્યા લઈને આવ્યા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું કે દક્ષાબેન ઠાકરને કરોડરજ્જુના એક મણકામાં ફ્રેક્ચર (સ્પાઈન પ્રોબ્લેમ) છે, અને તેઓ કમરના અસહ્ય દુખાવાથી પીડાઈ રહ્યા છે. 'હું ખુરશીમાં બેસવા ગયી અને મને કમરમાં જાટકો લાગ્યો,' દક્ષાબેને માહિતી આપતા કહ્યું.

### ફ્રેક્ચર

એક્સ રે માં જાણવા મળ્યું કે દક્ષાબેન ઠાકરને તેમની સ્પાઈનના ડી-૧૨ મણકામાં ફ્રેક્ચર છે. એટલે તેમને ચાલવામાં, ઉઠવા- બેસવામાં અને અન્ય રોજીન્દા કાર્યોમાં અસહ્ય પીડાનો સામનો કરવો પડતો હતો.

નિદાન બાદ ડૉ મોદી સાહેબે દક્ષાબેન ઠાકરના પરિવાર ને સ્પાઇન સર્જરી

## એક સફળ ડૉક્ટરમાં તબીબી કાબેલિયતની સાથે સાથે શેરલોક હોમ્સ જેવી તાર્કિક આવડત હોવી આવશ્યક છે



બ્રિટીશ લેખક સર આર્થર કોનન ડોયલ ની ઉપજ છે શેરલોક હોમ્સ, એક કાલ્પનિક પાત્ર. શેરલોકનું નામ સૌપ્રથમવાર આવ્યું ૧૮૮૭ના એક પુસ્તકમાં. શેરલોક લંડનનો એક પ્રતિભાવાન ક્રાઇમ ઇન્વેસ્ટીગેટર હતો. તે પોતાની બૌધિક સુજબુજ અને તર્કશાસ્ત્રવડે ગમે તે ગુનાહોનું કારણ ઉકેલી શકતો હતો. જાણવા લાયક છે કે શેરલોકના નિર્માતા સર આર્થર કોનન ડોયલ પોતે ડૉક્ટર હતા. કહેવાય છે ડોયલ ના સાહેબ (જેઓ પોતે ડૉક્ટર અને પ્રોફેસર હતા) પેશન્ટને એક નજરે જોઈનેજ તેના વિશે ઘણી બધી માહિતી મેળવતા અને નિદાન કરતા, અને પોતાના સાહેબની બારીકાઇ પૂર્વક ચકાસવાની ટેવથી પ્રેરણા લઈ ડોયલે શેરલોક હોમ્સના પાત્રનું નિર્માણ કર્યું. શેરલોક હોમ્સ ભલે કાલ્પનિક હોય, પણ તેના અવનવા અવલોકન તેમજ તર્કવિજ્ઞાન દુનિયાભરની પોલિસોને પ્રેરક રહ્યું છે કારણ શેરલોકનીસુજબુજ તે વખતના ક્રાઇમ પોલીસ કરતા વધારે હતી.

પાત્ર ભલે કાલ્પનિક હતું, પણ તેનો સ્વભાવ, તેની ટોપી, તેનો પાઈપ, તેની પિસ્તોલથી નિશાનેબાજી, તેની બોક્સિંગમાં નિપૂણતા અને તેની નશો કરવાની કુટેવ, શેરલોક હોમ્સ જેવી કાલ્પનિક અને વિખ્યાત વ્યક્તિઓ ખૂબજ ઓછી હશે.

કરાવવી પડશે તેમ સલાહ આપી.

દક્ષાબેન ઠાકર અને તેમનો પરિવાર સારવાર માટે સંમત થયા. દક્ષાબેન ઠાકર ની સ્પાઈન ફ્રેક્ચર સર્જરી વેલકેર હોસ્પીટલના અનુભવી નિષ્ણાત ડોક્ટર દ્વારા સફળ રીતે પૂર્ણ થઈ.

### ઓપરેશન પછી

સારવાર બાદ પોસ્ટ ઓપરેટીવ ચેકઅપ માટે દક્ષાબેન ઠાકર વેલકેર માં આવ્યા. વેલકેર હોસ્પીટલમાં સારવાર કરાવ્યા બાદ તેમના કમરની અસહ્ય પીડા મટી ગઈ હતી. પોસ્ટ ઓપરેટીવ એક્સ રે ઓપીડી ટેબલ ઉપર આવી ચુક્યા હતા અને તેનો રીપોર્ટ જોઈ ડૉ મોદી દક્ષાબેનને દવા, કસરતની જાણકારી અને સલાહ આપી ‘ફરી કોઈ તકલીફ થાય તો આવજો’ એમ કહીને ઘરે મોકલવાના હતા તેમ દક્ષાબેન અને તેમના પરીવારજનો માનતા હતા.

બધુ ધાર્યા મુજબ જ થયું. ડૉ ભરત ભાઈ આવ્યા, તેમણે જોયું કે સ્પાઈન સર્જરી બાદ દક્ષાબેન ઠાકર ની હાલતમાં સુધારો આવ્યો હતો... વગેરે વગેરે... .

### પણ...

પરંતુ ડૉ મોદી ના મનમાં એક વિચાર ચકડોળે ચઢ્યો હતો... દક્ષાબેનની શારિરીક સ્થિતી જોતા અને તેમના બાકીના મણકાની સ્થિતી જોતા તેમના ડી-૧૨ મણકામાં અચાનક ક્રેક કેવી રીતે આવી ? તેમને કોઈ બીજી બીમારી તો નથી ને ?

ડૉ મોદીએ યાદ કર્યું કે પ્રાથમિક તપાસ દરમ્યાન દક્ષાબેને કહ્યું હતું : ‘હું ખુરશીમાં બેસવા ગયી અને મને કમરમાં જાટકો લાગ્યો...’ એ વાત મોદી સાહેબ માનવા તૈયાર નહોતા. બેસવા જેવી સામાન્ય ક્રિયાથી મણકામાં ફ્રેક્ચર કેવી રીતે થઈ શકે ?

### શેરલોક ની એન્ટ્રી

કઇ મોટી બીમારીના કારણે અચાનક ફ્રેક્ચર થયું હશે એ પ્રશ્નનો જવાબ શોધવા ડૉ મોદી સાહેબે પોતાના બે દસકાથી વધારાના અનુભવ અને તબીબી સુજ બુજ દ્વારા દક્ષાબેનને થોડા સવાલ પૂછ્યા. આવી પૂછપરછને તબીબી ભાષામાં ‘હિસ્ટ્રી’ કહેવાય છે. દર્દી ડૉક્ટર પાસે આવે એટલે પ્રથમ તપાસ ડૉક્ટર હિસ્ટ્રી લે છે.

દક્ષાબેનના કેસમાં સારવારના અંતે મોદી સાહેબે ફ્રરીથી હિસ્ટ્રી લીધી અને વખતની વાતચીતમાં મોદી સાહેબને ખબર પડી કે દક્ષાબેનને સ્તનમાં ગાંઠ છે !


દક્ષાબેન તે ગાંઠને સામાન્ય ગણી રહ્યા હતા, પણ ડૉ મોદીના કહેવાથી કેન્સર સ્પેશીયાલીસ્ટ દ્વારા ગાંઠ ની તપાસ કરવામાં આવી. ગાંઠ કેન્સરની હતી. દક્ષાબેન ઠાકર ના માથે જાણે આભ ફાટી નીકળ્યું, આ ખબર સાંભળી તેઓનો પરીવાર ગમગીન થઇ ગયો.

કેન્સર નિષ્ણાત દ્વારા દક્ષાબેનના કેન્સરની સંપૂર્ણ સારવાર થઈ. તેમનું કેન્સર નાબુદ થઇ ગયું. નિદાનમાં મોડા પડ્યા હોત તો દક્ષાબેનને બચાવવું મુશ્કેલ હતું.


કેન્સર નિષ્ણાતે ડૉ મોદીને દક્ષાબેનની જીવલેણ બીમારીનું સમયસર નિદાન માટે અભિનંદન પાઠવ્યું. ઠાકર પરિવારે ડૉ મોદીના હદયપૂર્વક આભાર માન્યા. ડૉ મોદી કહે છે... દરેક ડૉક્ટરમાં થોડો શેરલોક હોમ્સનો અંશ હોવો જોઇએ.



ડી-૧૨ મણકામાં ફ્રેક્ચર



પ્રોસ્થેટીક ડિવાઈસથી ફ્રેક્ચરની સારવાર



પ્રોસ્થેટીક ડિવાઈસનું આગળ થી દ્રશ્ય

# આર્થ્રોસ્કોપીક સર્જરી : ઓછી કાપકૂપ પણ ખૂબ અસરકારક સારવાર

સાંધા પ્રત્યારોપણ માટે વિશ્વવિખ્યાત, ડૉ ભરત મોદી આરથ્રોસ્કોપીના પણ નિષ્ણાત સર્જન છે

### આર્થ્રોસ્કોપી શું હોય છે ?

ઓછી કાપકૂપથી સાંધાપર થતી સર્જરી એટલે આર્થ્રોસ્કોપીક. તેનાથી નિદાન સાથે સારવાર પણ કરી શકાય છે. તે ઓર્થોપેડિક સર્જરીની એક મોટી શોધ છે.

### ઓપન સર્જરીથી કેમ શ્રેષ્ઠ ?

ઓછી કાપકૂપ, ઓછો દુઃખાવો, ઓછા દિવસ દાખલ રહેવું પડે, ઓછા કોમ્પ્લિકેશન થાય... વગેરે. એક સમયે ઘણી ઈજાઓ સ્પોર્ટ્સમેનની કેરીયર ખલાસ કરી નાખતી, તેવી ઈજાઓનો આર્થ્રોસ્કોપીથી સારો ઈલાજ થઈ શકે છે.

### શું આર્થ્રોસ્કોપી વધું સેફ છે

જી હા, આર્થ્રોસ્કોપીથી ઓપરેશન પછીની ઘણી સમસ્યાઓ ઓછી થાય છે.

### કેટલા દિવસ દાખલ થવું પડે ?

ફક્ત એક દિવસ.

### તે કયા સાંધા પર થાય છે ?

પગની ઘૂંટી, ઘૂંટણ, થાપા, કોણી તેમજ કાંડાનો સાંધો. પણ થાપાના સાંધામાં ઓપન સર્જરી સારી થાય છે.

### કઈ તકલીફોમાં એ કરાય ?

ક્રિકેટ, રગબી, ફૂટબોલ, બાસ્કેટબોલના જે રમતવીરોને સતત દોડવું પડે છે અને ઘૂંટણ માં એન્ટિરિયર ક્રુશિએટ લિગામેન્ટને ઈજા થાય છે તેમજ ટેનિસ, બેડમિન્ટન જેવી રમતોમા જ્યારે ખેલાડીઓને સતત બોલ 'ફેકવો' પડે છે તેમને ખભાના સાંધાની ઈજામાટે આર્થ્રોસ્કોપીથી સારો ઈલાજ થાય છે.

### એનેસ્થેશિયા કયો વપરાય ?

કઈ સર્જરી છે તે પ્રમાણે એનેસ્થેશિયા નક્કી થાય.

### કોમ્પ્લિકેશન કયા થાય ?

કોઈ પણ સર્જરીની જેમ આમાં પણ ચેપ લાગવાની બીક હોય છે. પણ વેલકેર હોસ્પિટલના 'ઝિરોઈન્ફેક્શન' ઓપરેશન થિએટરમાં નિષ્ણાત અનુભવી સર્જનના હાથે ચેપની શક્યતા નહીવત્ હોય છે.

### એ ફક્ત રમતવીરો માટે છે ?

આર્થ્રોસ્કોપી બધાજ દર્દીઓ ને ફાયદારુપી છે. રમતવીરો ઈજા પછી રમતની ટ્રેનિંગ તેમજ મેચ પ્રેક્ટિસ વહેલી તકે શરૂ કરી શકે તે હેતુંથી તેઓ વધું પ્રમાણમાં આર્થ્રોસ્કોપી સર્જરીની સારવાર લેતા હોય છે. વેલકેરમાં એવી અનેક સર્જરી થાય છે.




ડૉ ભરત મોદી સાંધા પ્રત્યારોપણ તેમજ આર્થ્રોસ્કોપી ના નિષ્ણાત સર્જન છે. તેમણે UK & USA માં તાલીમ લીધી છે.




આર્થ્રોસ્કોપી માટે અદ્યતન ઓપરેશન થિએટર




આર્થ્રોસ્કોપ દ્વારા દેખાતું ઘૂંટણના સાંધાનું દ્રષ્ય




નાના કાપા વડે આર્થ્રોસ્કોપ ઘૂંટણના સાંધામાં મુકે છે




ખભાની આર્થ્રોસ્કોપી દરમ્યાન દર્દીને બેઠા રાખે છે

# એ.સી.એલ. ફાટ્યું તો પણ ફરીથી ટટ્ટાર રીતે ચાલતા થયા...

મોટર સાઈકલ એક્સિડેન્ટ તેમજ સ્પોર્ટ્સ ઇન્જુરીના કારણે ઘણી વખત એસીએલ ફાટી જાય છે. જુના સમયમાં વધું પ્રમાણના કેસમાં તેને ઓપરેશન કર્યા વગર સારવાર કરતા ખરા, પણ તે દર્દીઓને ચાલતી વખતે ગમે ત્યારે પગ સરખો ન પડે અને પડી જવાની બીક રહેતી હતી. **આર્થ્રોસ્કોપીથી થતી એસીએલ (એન્ટિરિયર ક્રુશિએટ લિગામેન્ટ) રીપેર સર્જરી અનેક યુવાન દર્દીઓ માટે લાભ દાયક નિવડી છે. આર્થ્રોસ્કોપીથી આ બધા દર્દીઓની સર્જરી કરવામાં આવી અને આજે આ યુવાનો સંપૂર્ણ રીતે તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે.**


દિગંત શાહ


સુલ્તાન વોરા




ડાબે- ક્રોસ જેવા આ બે લિગામેન્ટ ઘૂંટણના સાંધાને સ્થીર રાખે છે. જે તેમાથી એક લિગામેન્ટ ફાટી જાય તો ઘૂંટણ નો સાંધો ગમે તેમ ખોટી રીતે વળી શકે છે અને માણસ પડી જાય. સારવાર આરથ્રોસ્કોપીથી તેને સર્વોત્તમ ઇલાજ થાય છે. રુઝ આવ્યા પછી વ્યવસ્થિત ચાલી શકાય





હેમંત સુર્યવંશી


વરુણ મહેતા


જીગ્નેશ પટેલ

# વેલકેર હોસ્પિટલ ઘોષણા કરી રહ્યું છે કે

## દર મહિનાના ઘોષીત શનિવારને સ્વાસ્થ્ય અધિકાર દિવસ તરીકે ઉજવાશે

**Welcare Hospital**
we care

વિનામુલ્યે સેવાઓ: હાડકા અને સાંધાના રોગોનું ચેકઅપ, એક્સ-રે તપાસ અને જનરલ મેડિસીન રોગોની તપાસ. વહેલા તે પહેલા ધોરણે રજીસ્ટ્રેશન. એપોઇન્ટમેન્ટ વગર વિનામુલ્યે તપાસ થઈ શકશે નહી. ફોન -૦૨૬૫ ૨૩૩૭૧૭૨ સરનામું : વેલકેર હોસ્પિટલ, અટલાદરા વડસર રોડ, વડોદરા.

આગળના સ્વાસ્થ્ય અધિકાર દિવસો

| | |
|---|---|
| ૫ મે ૨૦૧૮ | ૨ જૂન ૨૦૧૮ |

# માં કાર્ડ ધારકો માટે ખુશ ખબર

## શું તમને લાંબા સમયથી ઘૂંટણમાં દુ:ખાવો રહે છે ? તો તમને સાંધા પ્રત્યારોપણની (જોઇન્ટ રીપ્લેસમેન્ટની) જરૂર હોઈ શકે

ઘૂંટણ
અને થાપાની સમસ્યાથી
પીડા મુક્ત થવા રાજ્ય સરકાર માન્ય
માં કાર્ડ યોજનામાં હવે સાંધા પ્રત્યારોપણ
જોઈન્ટ રીપ્લેસમેન્ટ ઉપલબ્ધ



વડોદરાના અટલાદરા સ્થિત અત્યાધુનિક વેલકેર હોસ્પિટલમાં સાંધા બદલાવવા થી રાજ્ય સરકાર તરફથી રૂ.૪૦,૦૦૦ની સારવાર સહાય મળવા પાત્ર રહેશે.
સારવાર વિશ્વ વિખ્યાત સર્જન

**ડૉ ભરત મોદી** દ્વારા થશે

સંપર્ક કરો : ૮૭૮૦૬૫૯૩૨૩, ૯૩૨૮૯૨૧૫૯૦, ૯૩૨૮૯૨૧૬૧૪, ૯૩૨૭૪૩૫૬૧૮, ૯૩૨૭૪૩૫૫૭૦
વેલકેર હોસ્પિટલ, અટલાદરા-વડસર રીંગ રોડ, અટલાદરા, વડોદરા.૩૯૦૦૧૨

**www.welcarehospital.co.in**

# Book Post

To

**If undeliverable, please return to**
The Editor, Welcare Today
**Welcare Hospital**
Atladara-Vadsar Ring Road, Atladara,
Vadodara-390012 [Gujarat]
☎ - 0265 2337172
www.welcarehospital.co.in

Edited, Printed & Published by Dr Harshida B Mody
Welcare Hospital, Atladara-Vadsar Ring Road, Atladara, Vadodara-390012 [Gujarat] ☎ - 0265 2337172
Printed at Print Vision Pvt Ltd, Print Vision House, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad-380006